અધિક કલેકટર(નર્મદા)

ઉતર ગુજરાત અને સૌરાષ્ટ્રની કચેરી ,

**પોલીટેકનીક કમ્પાઉન્ડ,હોસ્ટેલ બિલ્ડીંગ,બીજે માળ,અમદાવાદ**

## જાહેરનામું

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર
અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)

**ગામ : દુધરેજ તાલુકો : વઢવાણ જીલ્લો : સુરેન્દ્રનગર** કેસ નંબર : ૦૧/૨૦૧૭

તારીખ : ૧૯/૦૯/૨૦૧૭

ક્રમાંક: અકઆ/ક.૧૧(૧)/જા.જાહેરનામુ/૦૬/૧૭/વશી-૯૦/૨૦૧૭

અધિક કલેકટર(નર્મદા),ઉતર ગુજરાત અને સૌરાષ્ટ્રની કચેરી,અમદાવાદને જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩(૨૦૧૩ નો ૩૦મો) અન્વયે, (ગુજરાત સરકારના નર્મદા,જળસંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,ગાંધીનગરના તા:૨૪/૦૭/૨૦૧૭ ના પત્રક્રમાંક : જસં/૨૦૧૭/સુરેન્દ્રનગર/૯૨/૧૭/મ થી) મળેલ સત્તાની રૂએ એમ લાગે છે કે આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની **નર્મદા યોજનાની સૌરાષ્ટ્ર** શાખા નહેરના પમ્પીંગ સ્ટેશન (પાવર સ્ટેશન) નં.૫ ના બાંધકામ કારણસર જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

૧) આથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩(૨૦૧૩નો ૩૦મો) ની કલમ-૧૧(૧) ની જોગવાઈઓ હેઠળ જાહેર કરવામાં આવે છે કે સદરહુ જમીનની ઉપર નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

૨) સદરહુ જમીનમાં હિતધરાવતી તમામ વ્યકિતઓને આથી ચેતવણી આપવામાં આવે છેકે સદરહુ સંપાદન ના હેતુ સારૂ સદરહુ જમીનમાં કોઇ સર્વેયરો કે અન્ય વ્યકિતઓને હરકત કરવી નહીં.આ જાહેરનામાની તારીખ પછી અધિક કલેકટર(નર્મદા) ની મંજુરી વિના વેચાણ,પટ્ટા,ગીરો, નામફેર, વિનિમય દ્વારા અથવા સદરહુ જમીનોના નિકાલ માટેનો અથવા સુધારા કરવા માટેનો કોઇ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહુ અધિનિયમની કલમ-૨૨ હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

૩) ગુજરાત સરકારને એવી ખાત્રી થાય કે સદરહુ જમીનોની ઉપર્યુકત જાહેર હેતુ માટે જરૂર છે,તો સદરહુ અધિનિયમ ની કલમ-૧૯ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિધ્ધ કરવામાં આવશે. સંપાદન અંશતઃ કે પુર્ણતઃ જતું કર્યું હોય તો તે હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

૪) જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ -૨૦૧૩(૨૦૧૩નો ૩૦મો) ની કલમ-૩(જી) હેઠળ જિલ્લા કલેકટરને સદરહુ જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમ હેઠળ કલેકટરના કાર્યો બજાવવા માટે રાજ્ય સરકાર અધિક કલેકટરશ્રી, **(નર્મદા) પોલીટેકનીક કમ્પાઉન્ડ,હોસ્ટેલ બિલ્ડીંગ**,બીજે માળ,અમદાવાદને ઉકત અધિનિયમની જોગવાઇ હેઠળ ઉકત જમીનો સંબંધમાં નીમે છે.

૫) જમીનના પ્લાનનું નિરીક્ષણ નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી,નર્મદા યોજના, સરદાર સોસાયટી પાસે, કૃષ્ણનગર સોસાયટી સામે, નર્મદા વસાહત-૨, બ્લોક નં-૬૪/૧, સુરેન્દ્રનગરની કચેરીએ કામકાજના કોઇ પણ દિવસે કચેરી સમય દરમ્યાન કરી શકાશે.

૬) સંપાદન બાબતે હિત ધરાવતી વ્યકિતને જો કોઇ વાંધાઓ હોય તો આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખ થી ૬૦ (સાંઇઠ) દિવસમાં કલમ-૧૫ની જોગવાઈઓ મુજબ નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી , નર્મદા યોજના, સરદાર સોસાયટી પાસે, કૃષ્ણનગર સોસાયટી સામે , નર્મદા વસાહત-૨, બ્લોક નં-૬૪, પહેલો માળ, સુરેન્દ્રનગરને રજુ કરવાના રહેશે.

II-: અનુસૂચિ : (આ સાથે સામેલ છે)

# -: અનુસૂચિ :-

કેસ નંબર : ૦૧/૨૦૧૭
તારીખ : /૦૮/૨૦૧૭

**જીલ્લો : સુરેન્દ્રનગર તાલુકો : વઢવાણ મોજે : દુધરેજ**

| બ્લોક નંબર / સર્વેનંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ ( હે.આરે.ચો.મી.) | જે જાહેર હેતુ માટે જમીનની જરૂર છે તે જાહેર હેતુ |
|---|---|---|
| ૩૪૫/પૈ./૧ | ૦-૪૫-૫૩ | સરદાર સરોવર નર્મદા નિગમ લી.હસ્તકની નર્મદા યોજનાની સૌરાષ્ટ્ર શાખા નહેરના પમ્પીંગ સ્ટેશન ( પાવર સ્ટેશન ) નં.૫ ના બાંધકામ માટે |
| ૩૪૫/પૈ./૨ | ૦-૯૫-૧૦ | |
| કુલ | ૧-૪૦-૬૩ | |

નાયબ કલેકટર અને
ખાસ જમીન સંપાદન અધિકારી
નર્મદા યોજના
સુરેન્દ્રનગર

અધિક કલેકટર(નર્મદા)
ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર
અમદાવાદ